ગાંધીનગર સમાચાર

સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી

રેલવે બજેટ ૨૬ અને સામાન્ય બજેટ ૨૮મી ફેબ્રુઆરીએ રજૂ

નવી દિલ્હી,તા. ૨૧

સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને આઠમી મેના દિવસે પરિપૂર્ણ થશે. એક મહિના લાંબી રિસેસ પણ રહેશે. શેરબજાર, ઉદ્યોગજગત અને સામાન્ય લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે મોદી સરકારનું બજેટ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવશે જ્યારે રેલવે બજેટ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવશે. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે આર્થિક સર્વે રજૂ કરવામાં આવશે. સંસદના બજેટ સત્ર માટેની તમામ તૈયારીઓ મોદી સરકારે કરી લીધી છે. બજેટ સત્ર ખુબ જ તોફાની બની શકે છે. બજેટ સત્ર દરમિયાન સરકાર હાલમાં જ જારી કરવામાં આવેલા છ વટહુકમને કાયદામાં ફેરવી નાંખવાના પ્રયાસ કરશે. સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠક આજે મળી હતી જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આ કાર્યક્રમને મંજુરી આપી દેવા રાષ્ટ્રપતિને ભલામણ કરવામાં આવી હતી. બજેટ સત્રનો કાર્યક્રમ તૈયાર કરી લેવામાં આવ્યો છે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે, બજેટ સત્રનો પ્રથમ ભાગ ૨૦મી માર્ચ સુધી ચાલશે જ્યારે સત્રનો બીજો ભાગ ૨૦મી એપ્રિલથી એક મહિના લાંબી રિસેસ બાદ શરૂ થશે. આ સત્ર ૮મી મેના દિવસે પૂર્ણ થશે. સત્રના રિસેસના ગાળાનું જુદા જુદા મંત્રાલયોની બજેટ દરખાસ્તોમાં ચકાસણી કરવા સંસદીય સમિતિ દ્વારા ઉપયોગ કરી લેવામાં આવશે. સત્ર સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના સંબોધન સાથે શરૂ થશે. ત્યારબાદ રાષ્ટ્રપતિના સંબોધન પ્રત્યે આભાર પ્રસ્તાવ ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. જો દરખાસ્ત બે દિવસમાં પસાર કરવામાં આવશે નહીં તો આગામી દિવસે આને હાથ ધરવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે, ભુતકાળમાં પણ બજેટ શનિવારના દિવસે રજૂ કરવામાં આવી ચુક્યા છે. આ સત્ર દરમિયાન સરકાર તાજેતરમાં જ જારી કરવામાં આવેલા છ વટહુકમ



અંગે બિલ પસાર કરવા માટે પ્રયાસ કરશે. આ વટહુકમમાં કોલસા, ખાણ, ખનીજ, ઈ-રિક્શા, સિટિઝનશીપ એક્ટમાં સુધારા, જમીન અધિગ્રહણમાં સુધારા અને વિમા સેક્ટરમાં એફડીઆઈનો સમાવેશ થાય છે. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, નહેરુ, ગાંધી, રાજીવ ગાંધીના ગાળા દરમિયાન કોંગ્રેસ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વટહુકમની સંખ્યા અંગે પ્રકાશ ફેંકવાનો અમે નિર્ણય કર્યો છે. બજેટ સત્રની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી. આના માટે કાર્યક્રમ આજે જાહેર કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વટહુકમના રુટને લઈને ગઈકાલે સરકાર અને વિપક્ષની જોરદાર ઝાટકણી કાઢ્યા બાદ વરિષ્ઠ પ્રધાનો ગઈકાલે મળ્યા હતા જેમાં વટહુકમ સાથે સંબંધિત મામલા ઉપર ગંભીરતાપૂર્વક ચર્ચા થઈ હતી. આગામી મહિનાથી શરૂ થતાં આગામી બજેટ સત્રમાં વટહુકમને કાયદાકીય પગલામાં ફેરવી કાઢવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુ દ્વારા આ બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ, નાણાપ્રધાન અરુણ જેટલી અને છ અન્ય પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. આજે પણ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠક મળી હતી જેમાં તમામ વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. સરકારે ટુંકા ગાળાની અંદર જ વિમા સેક્ટરમાં એફડીઆઈ મર્યાદા વધારવા સહિત ઓછામાં ઓછા આઠ વટહુકમ જારી કરવામાં આવ્યા છે. વિમા સેક્ટરમાં એફડીઆઈ મર્યાદા ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવામાં આવી ચુકી છે. કોલસા ખાણની હરાજીને લઈને પણ હોબાળો થયો છે. બેઠક બાદ નાયડુએ કહ્યું હતું કે, જુદા જુદા બિલ ઉપર ચર્ચા થઈ છે. બેઠકમાં કોલસા પ્રધાન પીયુષ ગોયલ, ગ્રામીણ વિકાસપ્રધાન રાવ દેવેન્દ્રસિંહ, કૃષિપ્રધાન રાધામોહન, ભુમિ પરિવહન પ્રધાન, સ્ટીલ અને ખાણ પ્રધાન નરેન્દ્રસિંહ, કાયદા પ્રધાન સદાનંદ ગૌડા, સંબંધિત મંત્રાલયોના તમામ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજની બેઠકમાં પણ વટહુકમ પ્રશ્ને ચર્ચા થઈ હતી.

ભારત સૌથી વિશ્વાસપાત્ર દેશ છે : સર્વેનુ તારણ જારી

નવી દિલ્હી,તા. ૨૧

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત વિશ્વમાં બીજા સૌથી વિશ્વાસપત્ર દેશ તરીકે છે. આ મુલ્યાંકન તેની સંસ્થાઓમાં દર્શાવવામાં આવેલા વિશ્વાસના આધાર પર કરવામા આવ્યું છે.

ભારતને ૭૯ ટકા પોઈન્ટ મળ્યા છે. જેથી તે યાદીમાં બીજા સ્થાન પર છે. વર્ષ ૨૦૧૪માં ભારત યાદીમાં પાંચમા સ્થાન પર હતુ. વિશ્વ આર્થિક મંચના વાર્ષિક કાર્યક્રમમાં જનસંપર્ક કાર્યક્રમ દરમિયાન જનસંપર્ક કંપની એડલમન દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા હતા. તેના કહેવા મુજબ ભારતની સસ્થાઓમાં વિશ્વાસ સતત વધી રહ્યો છે. જ્યારે વૈશ્વિક સ્તર પર તેમાં ઘટાડો થયો છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે દુનિયાભરના શિક્ષિત વર્ગમાં સંસ્થાઓને લઈને હળવુ વલણ જોવા મળ્યું છે.

વર્ષ ૨૦૦૯ બાદ સ્થિતીમાં સતત ફેરફાર થઈ રહ્યા છે. આનાજણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫માં બારતની સંસ્થાઓમાં વિશ્વાસ ઝડપથી વધી રહ્યો છે. વર્ષ ૨૦૧૫ના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અભ્યાસમાં સમર્થક દેશોની સંખ્યા માત્ર છ રહી છે. જે હજુ સુધીની સૌથી ઓછી સંખ્યા છે. આમાં યુએઈ, ભારત, ચીન અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે. ઉલ્લલેખીય છે કે ભારતમાં ગયા વર્ષે જ ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપે ઈતિહાસ સર્જીને સ્પષ્ટ બહુમતિ તેના તાકાત પર મેળવી હતી. ભાજપના નેતૃત્વમાં મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ વિશ્વના દેશોની નજર હવે ભારત પર કેન્દ્રિત થઈ છે. ભારત સરકાર હવે લોકોનો આત્મવિશ્વાસ વધુ વધે તેવા પ્રયાસ કરી રહી છે.

બેદી, કેજરીવાલ અને માકને ઉમેદવારી પત્રો દાખલ કર્યા

નવીદિલ્હી,તા. ૨૧

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમી ચરમસીમા ઉપર છે ત્યારે આજે દિલ્હી ચૂંટણીમાં ત્રણેય મુખ્ય પાર્ટીના મુખ્યમંત્રીપદના ઉમેદવારોએ આજે ઉમેદવારી દાખલ કરી હતી. અરવિંદ કેજરીવાલે રોડ શો યોજ્યા બાદ નવી દિલ્હી સીટથી ઉમેદવારી દાખલ કરી દીધી છે. ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર કિરણ બેદીએ પણ કૃષ્ણનગર બેઠક પરથી ઉમદેવારીપત્ર દાખલ કરી દીધા છે. કોંગ્રેસના અજય માંકને સદરબજાર મત ક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવી હતી. નોમિનેશન દાખલ કરવા જઈ રહેલા કેજરીવાલના જુલુસને મોદી મોદીના નારા જોવા મળ્યા હતા. અજય માંકને પણ રોડ શો દરમિયાન બંને હરીફો પર આક્ષેપો કર્યા હતા. અરવિંદ કેજરીવાલ અને કિરણ બેદી તકવાદી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. માંકને કબૂલાત

કરી હતી કે, કિરણ બેદી ખુબ સારા પોલીસ અધિકારી હતા પરંતુ રાજકીય વહીવટીતંત્રમાં ધીરજની જરૂર રહે છે. તમામની વાતો સાંભળી પડે છે. માંકન તાજેતરમાં જ ભાજપમાં સામેલ થયેલા પૂર્વ કેન્દ્રીયપ્રધાન કૃષ્ણતિરથ ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, તિરથ પણ તકવાદી છે. આજે કિરણ બેદી અને કેજરીવાલે પોતપોતાના ઉમેદવારી પત્ર દાખલ કર્યા હતા અને આક્ષેપ પ્રતિઆક્ષેપો કર્યા હતા.

મંગળવારના દિવસે ઉમેદવારીપત્ર દાખલ કરવાથી વંચિત રહી ગયેલા કેજરીવાલે ઉમેદવારી નોંધાવ્યા બાદ કહ્યું હતું કે, તેમની લડાઈ ભ્રષ્ટાચાર અને વધતા ભાવની સામે છે. શેરીઓની ઝાટકણી કાઢતા કિરણ બેદીએ પ્રાથમિકતાની વાત કરી હતી. કિરણ બેદીએ પણ ઉમેદવારીપત્ર દાખલ કરતી વેળા કહ્યું હતું કે, જો તેઓ સત્તામાં આવશે તો દરેક વિભાગ માટે શ્વેતપત્ર જારી કરશે. સંશાધનોનો યોગ્યરીતે ઉપયોગ કરવામાં આવશે. વાસ્તવિક સુરક્ષાની બાબતની ચકાસણી કરવામાં આવશે. નોમિનેશન યાત્રા શરૂ કરતા પહેલા કૃષ્ણનગરમાં કિરણ બેદીએ સંબોધન કર્યું હતું.

કેજરીવાલની સંપત્તિમાં કુલ બે લાખનો ઘટાડો નોંધાયો છે

નવીદિલ્હી,તા. ૨૧

એએપીના નેતા અરવિંદ કેજરીવાલની સંપત્તિમાં બે લાખ રૂપિયાનો ઘટાડો થઈ ગયો છે. ઉમેદવારીપત્ર દાખલ કર્યા બાદ સંપત્તિ અંગેની વિગત પણ સપાટી ઉપર આવી છે. અરવિંદ કેજરીવાલે ઉમેદવારીદાખલ કરતી વેળા માહિતી આપી હતી કે, તેમની સંપત્તિ ૧.૯૨ કરોડ રૂપિયા છે. કેજરીવાલની પાસે ૨.૨૬ લાખ રૂપિયા રોકડ છે. ગયા વખતની સરખામણીમાં આ વખતે તેમની સંપત્તિ બે લાખ રૂપિયા ઘટી ગઈ છે. તેમની સામે ૧૦ મામલા રહેલા છે. કેજરીવાલે દાવો કર્યો હતો કે, ગયા વખતે જ્યારે તેઓએ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું ત્યારે લોકોના મનમાં તેમના પ્રત્યે નારાજગી હતી પરંતુ હવે લોકો તેમને માફ કરી ચુક્યા છે. કેજરીવાલ દિલ્હીમાં ૪૯ દિવસ સુધી મુખ્યમંત્રી રહી ચુક્યા છે. તેમને મજબૂત લોકજનપાલની માંગ કરીને રાજીનામુ આપી દીધું હતું. બીજી બાજુ અરવિંદ કેજરીવાલની સંપત્તિમાં ઘટાડો થવાને લઈને પણ ચર્ચાનો દોર શરૂ થયો છે. ઉમેદવારીપત્ર દાખલ કરવામાં આવ્યા બાદ સંપત્તિના આંકડા પણ જારી થઈ રહ્યા છે. કિરણ બેદી અને અન્યોની સંપત્તિની વિગત પણ હવે જાહેર કરવામાં આવી છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને લઈને આંકડા જાહેર થઈ રહ્યા છે. કિરણ બેદીની એફિડેવિટથી જાણવા મળ્યું છે કે, તેમની પાસે ૫૫૦૦૦ અને તેમના પતિની પાસે ૧૫૦૦૦ રૂપિયા રોકડા છે. બેદીની એફડી ૨.૩૫ કરોડની છે. બેદીએ ૧૬ લાખ રૂપિયાનું રોકાણ કરેલું છે. તેમની પાસે બે કરોડ રૂપિયાની જમીન છે. કેજરીવાલ અને કિરણ બેદીની વાત કરવામાં આવે તો સંપત્તિની દૃષ્ટિએ કિરણ બેદી આગળ છે. કેજરીવાલની પત્નિની પાસે ૧૫.૩૧ લાખ અને પુત્રી પાસે ૩૧૦૦૦ રૂપિયાની રોકડ છે. સંપત્તિની વિગત આજે મોડેથી જાહેર કરાઈ હતી.

સીબીઆઈએ કોલસા કૌભાંડમાં મનમોહન સિંહની કરી પુછપરછ

નવી દિલ્હી,તા. ૨૧

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની સીબીઆઈ દ્વારા કોલસા કોંભાંડના સંબંધમાં આકરી પુછપરછ કરવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ પુછપરછ બે દિવસ પહેલા કરવામાં આવી હતી. અલબત્ત સીબીઆઈ દ્વારા આ સંબંધમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. સીબીઆઈના અધિકારીઓ મનમોહનસિંગના આવાસ પર પહોંચ્યા હતા અને હિડાલ્કો કેસના સંબંધમાં પ્રશ્નો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સીબીઆઈને ૨૭મી જાન્યુઆરી સુધી કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સંબંધમાં પુછવામાં આવતા સીબીઆઈના પ્રવકતાએ કોઈ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. જો કે ભૂતપૂર્વ વડાપ્રધાનના એક સાથીએ પુછપરછ કરાઈ હોવાનો ઈન્કાર કર્યો છે. સીબીઆઈની ટુકડીએ હાલમાં જ મનમોહનસિંહના પૂર્વ પ્રિન્સિપાલ સેક્રેટરી ટીએ નાયરની પુછપરછ કરી હતી. સાથે સાથે મનમોહનસિંહના અંગત સચિવ સાથે પણ પુછપરછ

કરી કરી હતી. જે વર્તમાન પીએમઓમાં પણ સિનિયર હોદ્દા પર છે. એમ માનવામાં આવે છે કે હાલમાં સીબીઆઈની પુછપરછના કારણે જ નાયર દિલ્હીમાં આવ્યા હતા.

ખાસ અદાલતે ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં કોલસા બ્લોક ફાળવણી કોંભાંડમાં ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિડલાની સંડોવણીવાળા મામલામાં સીબીઆઈને કેટલાક આદેશ જારી કર્યા હતા. જેના ભાગરૂપે વર્ષ ૨૦૦૫માં કોલસા ખાતુ ધરાવનાર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની પુછપરછ કરવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૫માં ઓરિસ્સામાં હિડાલ્કોને તાલાબીરા-૨ અને ત્રણ કોલસા બ્લોકની ફાળવણી કરવાના સંબંધમાં બિડલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્યો સામે કેસ દાખલ કરવામા આવ્યો હતો. જેના સંબંધમાં કોર્ટે આ આદેશ આપ્યો હતો.

બીએસએફ ચોકી ઉપર પાકિસ્તાનનો ગોળીબાર

જમ્મુ, તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર બીએસએફની ચોકી ઉપર પાકિસ્તાની રેન્જરો આજે બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર કર્યો હતો. આજે અરણિયા વિસ્તારમાં બીએસએફની ત્રણ ચોકી ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, પાકિસ્તાની ગોળીબાર સવારે છ વાગે શરૂ થયો હતો. પાકિસ્તાની સૈનિકોએ નાના અને ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કરીને ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે, આમા કોઈ પણ ખુવારી કે નુકસાન થયું નથી. પાકિસ્તાની સૈનિકો દ્વારા છેલ્લા ઘણા દિવસથી સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ૨૦૧૪ના અંતથી હજુ સુધી પાકિસ્તાની સૈનિકોએ અનેક વખત આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર ગોળીબાર કર્યો છે જેમાં ઘણા જવાનોના મોત પણ થયા છે. ૧૦૦૦૦થી પણ વધુ લોકોને સુરક્ષિત ખસેડવાની ફરજ પડી છે. આ તમામ કારણોસર સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ રહી છે. ત્રાસવાદીઓને ઘુસાડવાના હેતુસર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જેના લીધે બીએસએફના જવાનો પણ સાવધાન થયેલા દેખાઈ રહ્યા છે.

દક્ષિણ પેસિફિક સમુદ્રમાં ટોન્ગા નજીક સક્રિય થયેલા જવાળામુખીની આ તસવીર ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવી છે.

સ્વાઈન ફ્લુથી આંધ્રમાં વધુ બે મોતથી મૃતાંક ૯

હૈદરાબા,તા. ૨૧

તેલંગાણામાં સ્વાઈન ફ્લુના કારણે વધુ બે લોકોના મોત થતાં મૃતાંક વધીને નવ ઉપર પહોંચી ગયો છે. જાન્યુઆરી મહિનામાં સ્વાઇન ફ્લુ રોગચાળાએ ભારે આતંક મચાવ્યો છે. મૃતકો પૈકી એક ૩૬ વર્ષીય મહિલા છે જેનું નામ જેદીમેતલા તરીકે છે. જ્યારે જિલ્લાની હોસ્પિટલમાં વધુ એકનું મોત થયું છે. મહેબુબનગરમાં જિલ્લા હોસ્પિટલમાં એકનું મોત થયું છે. સુત્રોના જણાવ્યા મુજબ મૃતક મહિલાને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાંથી ગાંધી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ગાંધી હોસ્પિટલમાં લવાયા બાદ તેનું મોત થયું હતું. જો કે, અન્ય એકની ઓળખ થઇ શકી નથી. દરમિયાન હૈદરાબાદ શહેરમા સ્વાઈન ફ્લુના ૪૮ નવા કેસો સપાટી ઉપર આવી ચુક્યા છે જે ૨૦૦૯માં સ્વાઈન ફ્લુના રોગચાળા બાદથી એક દિવસમાં હજુ સુધીનો સૌથી મોટો આંકડો છે. શહેરમાં સ્વાઈન ફ્લુનો આંકડો સતત વધી રહ્યો છે. સાવચેતીના તમામ પગલા પણ લેવાયા છે.

દિલ્હી ચૂંટણી : ભાજપ ૩૭ બેઠકો જીતી જાય તેવી વકી

નવીદિલ્હી,તા. ૨૧

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે ત્યારે જુદા જુદા ઓપિનિયન પોલ અને સર્વેના તારણો જારી કરવામાં આવી રહ્યા છે. હવે ઝી-તાલીમના પોલ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય પાટનગર

દિલ્હીમાં નરેન્દ્ર મોદીની લહેર વચ્ચે ભાજપ ફરી સત્તામાં આવનાર છે. દિલ્હીમાં એએપીને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. જો કે, તેનો દેખાવ પણ સારો રહેશે. કેજરીવાલની પાર્ટીના ૪૯ દિવસના શાસનને લઈ લોકોમાં ભારે ચર્ચા છે. હાલમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભાજપ ૩૭ બેઠકો જીતી જશે જ્યારે એએપી પોતાના દેખાવને યથાવત રાખીને ૨૯ બેઠકો જીતશે જ્યારે કોંગ્રેસનો ફરી એકવાર સફાયો થશે. કોંગ્રેસ પાર્ટી માત્ર ચાર બેઠક સાથે ત્રીજા ક્રમે રહેશે. સર્વે દર્શાવે છે કે, ૪૫ ટકા મતદારો માને છે કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી બાદ ભાજપને સત્તામાં આવવાની તક રહેલી છે. જ્યારે ૩૪.૨ ટકા લોકો માને છે કે, એએપીને પણ તક રહેલી છે. જો કે દિલ્હીમાં ચૂંટણી ખુબ જ રોમાંચક બની શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો જોરદાર તૈયારીમાં લાગેલા છે. એકબીજાને પછાડવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે. ભાજપે દિલ્હીમાં મુખ્યપ્રધાનપદ માટે કિરણ બેદીને પ્રોજેક્ટ કર્યા બાદ તેની યોજના સફળ સાબિત થાય તેવી શક્યતા છે. થોડાક દિવસ પહેલા કરવામાં આવેલા સર્વેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કિરણ બેદીની એન્ટ્રી ભાજપમાં થયા બાદ તે હવે બહુમતિનો આંકડો પાર કરી લેશે. જાન્યુઆરીના પ્રથમ અને બીજા સપ્તાહમાં ભાજપને બહુમતિનો આંકડો મળી રહ્યો ન હતો પરંતુ કિરણ બેદી આવ્યા બાદ તેને બહુમતિ મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. કિરણબેદી વગર ભાજપની ટીમ ૩૫ બેઠકો પર અટકી ગઈ હતી. કિરણ બેદીને ભાજપમાં લાવવાના પ્રયાસને સફળતા મળી રહીછે. જેપૈકી કિરણ બેદીના પ્રવેશ બાદ ભાજપને હવે ૩૭ બેઠકો મળી શકે છે. જ્યારે ૨૦૧૩માં ૨૮ બેઠકો જીતી જનાર આમ આદમી પાર્ટીને જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ૨૯ સીટ મળી રહી હતી.

ટોપ ૧૦૦ની યાદીમાં કોઈ ભારતીય યુનિવર્સિટી નથી

ચેન્નાઈ,તા.૨૧

ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ રેપ્યુટેશન રેન્કીંગની ટોપ ૧૦૦ની યાદીમાં ભારતની ૭૦૦ યુનિવર્સિટી અને ૩૫૫૩૯ કોલેજો પૈકી કોઈની પણ એન્ટ્રી થઈ શકી નથી. આનો મતલબ એ થયો કે શિક્ષણના ક્ષેત્રમાં ભારતીય સંસ્થાઓ ખૂબ પાછળ દેખાઈ રહી છે. ટોપ ૧૦૦ વૈશ્વિક સંસ્થાઓની યાદીમાં ભારતની કોઈપણ યુનિવર્સિટી નથી. ટોપમાં પ્રથમ સ્થાને હાર્ડવર્ડ યુનિવર્સિટી છે જે અમેરિકામાં આવેલી છે. રેન્કીંગમાં આ સંસ્થાએ પ્રથમ સ્થાન જાળવ્યું છે. શરૂઆતની ત્રણ ટોચની યુનિવર્સિટી અમેરિકાની છે જેમાં હાર્ડવર્ડ ઉપરાંત મેસ્સાચુસેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટનો સમાવેશ થાય છે. ત્યારબાદ બ્રિટનની કેબ્રીજ યુનિવર્સિટી અને બ્રિટનની ઓક્સફોર્ડ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન મનમોહનસિંહની દૃષ્ટિએ ભારતની સંસ્થાઓ ખૂબ સારી રહેલી છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ (બેંગ્લોર) ભારતીય સંસ્થાઓમાં સૌથી ટોપ ઉપર છે. તે હવે ૨૦૦માં સ્થાન ઉપર છે. ગયા વર્ષે આ સંસ્થા ૧૩૦માં ક્રમે હતી. જ્યારે આઈઆઈટી મુંબઈ ૨૧૦-૨૨૦ના ગ્રૂપમાં છે. આવી જ રીતે આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી કાનપુર ૨૫૦થી નીચેના ગ્રૂપમાં છે. અમેરિકા સૌથી પ્રતિષ્ઠિત સ્થાન શિક્ષણના ક્ષેત્રમાં ધરાવે છે. ટોપ ૧૦૦ યુનિવર્સિટી અને સંસ્થાઓમાં અમેરિકાની ૪૫ સંસ્થાઓ છે. ત્યારબાદ બ્રિટનની ૧૦, જર્મનીની છ, જાપાન અને ઓસ્ટ્રેલિયાની પાંચ-પાંચ સંસ્થાઓ આવેલી છે. ભારત એક માત્ર બ્રિક દેશ છે જેની કોઈપણ સંસ્થા ટોપટેનમાં નથી. ચીન આ યાદીમાં બે સંસ્થાઓ ધરાવે છે જ્યારે બ્રાઝિલ અને રશિયાની એક-એક સંસ્થાઓ આવેલી છે.

સમાચાર ઝલક

- ખોડલધામના સમુહલગ્નમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગોલ્ફ કારમાં પ્રદક્ષિણા કરી આશીર્વાદ પાઠવશે.
- ગુજરાતમાં ૮ હજાર મિકેનિકલ ઈજનેરો બેકાર. મિકેનિકલ શાખાનાં વળતા પાણી.
- ગુજરાતમાં ૧૬ જિલ્લા પંચાયતોમાં, જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે મહિલાઓ બિરાજશે.
- ભારતના સેન્સર બોર્ડના ચેરમેન પદે ફિલ્મ નિર્માતા પહલાજ નિહલાણી નિમાયા.
- પેટ્રોલ-ડિઝલ બાદ ગેસ પણ સસ્તો થવાની શક્યતા.
- દેશમાં ચેક બાઉન્સના કેસોનો ઉકેલ વહેલો આવશે.
- ભારતમાં વાઘોની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો.
- મહારાષ્ટ્રમાં શેરડીના ભાવમાં ખેડૂતોને મોટી રાહત આપવામાં આવી.
- કેન્દ્રીય કર્મચારીઓને એલ.ટી.સી. હેઠળ નેપાળ, ભૂતાન, માલદીવ, શ્રીલંકા જવાની છૂટ.
- હાર્ટના ૯૦ ટકા રોગોમાં સાવધાની રાખવાથી બચી શકાય છે.
- અમદાવાદ-કટરા વચ્ચે ૨૫મી થી નવી સાપ્તાહિક ટ્રેન.